## જાહેરનામું

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૯૯ /૨૦૧૮,**

**તા. ૩ /૪ /૨૦૧૮**

હું, ડૉ. કે.એલ.એન.રાવ IPS, ઇ/ચા.પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અન્વયે સ્ટેડીયમ પાંચ રસ્તાથી પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ સુધી ચાલનાર બાંધકામ અનુસંધાને તા.૧૪/૩/૨૦૧૯ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાંનો નીચે જણાવ્યા મુજબનો રસ્તો એક માર્ગીય અને ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત સ્ટેડીયમ પાંચ રસ્તાથી **(અક્ષાંશ-૨૩.૦૩૯૧૮૭૩, રેખાંશ-૭૨.૫૬૪૧૧૮૯)** મેટ્રોરેલનું કામકાજ શરુ થનાર હોય અને તે કામગીરી આગળ જતા હેવમોર સર્કલ (નવરંગપુરા) થી સુપરઇન અરમોઇસ હોટલથી રેલ્વે લાઇન ક્રોસ કરી યુનિક હાઉસ યુનિયન બેન્ક ઑફ ઇન્ડીયા વાળા રોડથી સીધા આશ્રમ રોડ ક્રોસ કરી નુતન ફલોશીપ સ્કુલથી સીધા બેન્ક ઑફ મહારાષ્ટ્ર ચાર રસ્તાથી સંકલ્પ રેસ્ટોરેંટથી સીધા પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ **(રીવરફ્રન્ટ રોડ અક્ષાંશ-૨૩.૦૩૭૬૫૫૮ તથા રેખાંશ-૭૨.૫૭૧૦૩૯૩)** ખાતે સદરહું કામગીરી પુર્ણ થનાર છે. જે સમગ્ર રસ્તો બેરીકેટીંગ કરી વાહન વ્યવહાર સારુ બંધ રહેશે.

(૧) તા.૧ /૪/૨૦૧૮ થી તા.૧૪/૩/૨૦૧૯ સુધી સ્ટેડીયમ પાંચ રસ્તાથી સુપર ઇન અરમોઇસ હોટલની સામે આવેલ વિશ્રામ ફ્લેટ પાસે આવેલ ઇલેક્ટ્રીક પોલ નંબર-HN-8996 સુધીનો સમગ્ર રસ્તો ૯-મીટર જેટલુ બેરીકેડીંગ કરી વાહન વ્યવહાર સારુ બંધ રહેનાર હોવાથી આ રોડ ઉપરથી વાહન વ્યવહારની અવર-જવર થઇ શકશે નહી. **(સમગ્ર રોડ "નો-વ્હીકલ પાર્કિંગ ઝોન" રહેશે તથા વચ્ચે આવતા નાના ચાર રસ્તા ખુલ્લા રહેશે.)**

**વૈકલ્પિક રૂટ** : સ્ટેડીયમ પાંચ રસ્તાથી સુપર ઇન અરમોઇસ હોટલની સામે વિશ્રામ ફ્લેટ પાસે આવેલ ઇલેક્ટ્રીક પોલ નંબર-HN-8996 સુધીના સમગ્ર રોડ ઉપર ૯-મીટર જેટલુ બેરીકેડીંગ કરનાર છે અને સાઇડનો બન્ને તરફનો રોડ ૩-૩ મીટર જેટલો ખુલ્લો રહેનાર છે. જે ખુલ્લા રહેનાર રોડમાંથી ફક્ત સ્થાનિક રહેતા નાગરિકો તથા પ્રાઇવેટ ઑફિસ ધરાવતા નોકરીયાતો તથા તમામ પ્રકારના ટુ-વ્હીલરો જ અવર-જવર કરી શકશે. રીક્ષા તથા ફોરવ્હીલ કાર માટે સ્ટેડીયમ પાંચ રસ્તા તરફથી હેવમોર સર્કલ તરફ આવવા માટે સ્ટેડીયમ પાંચ રસ્તાથી સીધા સ્વસ્તિક ચાર રસ્તાથી ડાબી તરફ વળી નવરંગપુરા ચાર રસ્તાથી ડાબી તરફ વળી આગળની તરફ જઇ શકાશે. તેજ રીતે હેવમોર સર્કલ તરફથી સ્ટેડીયમ પાંચ રસ્તા તરફ જવા માટે નવરંગપુરા ચાર રસ્તાથી જમણી તરફ વળી સ્વસ્તિક ચાર રસ્તાથી જમણી તરફ વળી આગળની તરફ જઇ શકાશે.

(૨) તા.૧/૪/૨૦૧૮ થી તા.૧૪/૩/૨૦૧૯ સુધી સ્ટેડીયમ પાંચ રસ્તાથી સુપરઇન એરમોઇસ હોટલથી રેલ્વે લાઇન ક્રોસ કરી યુનિક હાઉસ યુનિયન બેન્ક ઑફ ઇન્ડિયા વાળા રોડથી આશ્રમ રોડ કોર્નર સુધીનો સમગ્ર રોડ ૯-મીટર જેટલુ બેરીકેડીંગ કરી વાહન વ્યવહાર સારુ બંધ રહેનાર હોવાથી આ રોડ ઉપરથી વાહન વ્યવહારની અવર-જવર થઇ શકશે નહી. **(સમગ્ર રોડ "નો-વ્હીકલ પાર્કિંગ ઝોન" રહેશે તથા વચ્ચે આવતા નાના ચાર રસ્તા ખુલ્લા રહેશે.)**

**વૈકલ્પિક રૂટ** : સુપર ઇન અરમોઇસ હોટલથી રેલ્વે લાઇન ક્રોસ કરી યુનિક હાઉસ યુનિયન બેન્ક ઑફ ઇન્ડીયા વાળા રોડથી આશ્રમ રોડ કોર્નર સુધીના સમગ્ર રોડ ઉપર ૯-મીટર જેટલુ બેરીકેડીંગ કરનાર છે અને સાઇડનો ફક્ત એક જ તરફનો રોડ ૩-મીટર જેટલો ખુલ્લો રહેનાર છે. જે ખુલ્લા રહેનાર રોડ પરથી ફક્ત જુની હાઇકોર્ટ પાછળના રોડ તરફથી સ્થાનીક રહેતા નાગરિકો તથા પ્રાઇવેટ ઓફીસ ધરાવતા